# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **રાજ્યના 25 જિલ્લાની 332 જેટલી મિઠાઈ-ફરસાણની દુકાનમાં દરોડા – ગેરરીતિ કરનારા 126 જેટલા એકમને દંડ કરાયો.**
2. **સૌરાષ્ટ્ર બાદ મહેસાણામાં પણ આજથી 10 કલાક ખેતીવાડી વીજ પૂરવઠો અપાશે.**
3. **રાજ્યભરમાં યોજાયેલી ત્રિરંગા યાત્રામાં લોકો દેશભક્તિના રંગમાં રંગાયા.**
4. **રાજ્યના અન્ય આદિજાતિ જિલ્લાઓમાં પણ શૈક્ષણિક પ્રેરણા પ્રવાસનો નવતર પ્રયોગ કરાશે.**
5. **દેવભૂમિ દ્વારકા સહિત રાજ્યભરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓ પૂરજોશમાં.**
6. **રાજ્યભરમાં આજથી વરસાદનું જોર વધવાની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RAID IN STATE

રાજ્ય સરકારના કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા 25 જિલ્લાની 332 જેટલી મિઠાઈ , ફરસાણ, સુકામેવાની દુકાનમાં દરોડા પાડવામાં આવ્યા. તપાસ દરમિયાન ગેરરીતિ કરતા 126 જેટલા એકમ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી. આ એકમ પાસેથી પાંચ લાખ 91 હજાર 500 રૂપિયાનો દંડ વસૂલાયો હોવાનું યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે , જન્માષ્ટમી સહિતના તહેવારને ધ્યાને લઈ સામૂહિક ઝૂંબેશના ભાગરૂપે કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા ગઈકાલે આ કાર્યવાહી કરવામાં આવી.

---

# BK LUMPY VIRUS

બનાસકાંઠામાં પશુઓને લમ્પી રોગથી બચાવવા એપ્રિલથી 10 લાખ 50 હજાર જેટલા પશુઓનું રસીકરણ પૂર્ણ કરાયું. પશુપાલન ખાતા દ્વારા લમ્પી વાઈરસને નાથવા સઘન કામગીરી થઈ રહી છે. જિલ્લામાં અત્યારની સ્થિતિએ 50 હજારથી વધુ લમ્પી વાઈરસની રસીની માત્રા ઉપલબ્ધ છે એમ સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

ગઈકાલે ગાંધીનગરમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, જરૂર પડે તે તમામ જગ્યાએ રાજ્ય સરકાર દ્વારા રસીકરણની ઝૂંબેશ હાથ ધરાઈ છે.

**(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER) LUMPY VIRUS**

---

# MEHSANA ELECTRICITY

સૌરાષ્ટ્ર બાદ હવે મહેસાણામાં પણ આજથી આઠની જગ્યાએ 10 કલાક ખેતીવાડી વીજ પૂરવઠો અપાશે. તેનાથી 43 હજાર ખેતીવાડી કૃષિ વીજ જોડાણને લાભ થશે.

રાજ્ય સરકારના આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , સમગ્ર સૌરાષ્ટ્રમાં ખેતીવાડી વીજ પૂરવઠાનો સમય બે કલાક વધારતા ખેતીવાડી વીજ ઉપયોગ દૈનિક 4.4 કરોડ એકમથી વધીને 5.2 કરોડ એકમ થયો છે. તેનાથી અંદાજે 12 લાખ ખેતીવાડી કૃષિ વીજ જોડાણને લાભ મળી રહ્યો છે.

---

# SANGHAVI COMMONWEALTH GAMES

રાજ્ય સરકાર વર્ષ 2030માં રાષ્ટ્રમંડળ રમત યોજવા સજ્જ છે. ત્યારે સરકારે રાષ્ટ્રમંડળ રમત સમિતિ એટલે કે , કૉમનવેલ્થ ગેમ્સની કમિટીને કેટલાક સ્થળનો પ્રસ્તાવ આપ્યો હતો. સમિતિના વરિષ્ઠ સભ્યોએ ગયા સપ્તાહે રાજ્યની મુલાકાત દરમિયાન અમદાવાદમાં આ સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું. આ અંગે રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી.

**(BYTE: HARSH SANGHAVI, SPORTS MINISTER)**

ઉલ્લેખનીય છે કે , રાષ્ટ્રમંડળ રમત 2030 માટે ભારત સરકારે સત્તાવાર દાવેદારી નોંધાવી હતી. તેના ભાગરૂપે સમિતિએ ગુજરાતની મુલાકાત લીધી હતી.

---

# HAR GHAR TIRANGA

## હવે “હરઘર તિરંગા” અભિયાન અંગેના કેટલાક સમાચાર

## (……. HAR GHAR TIRANGA MUSIC …….)

રાજ્યભરમાં “હરઘર તિરંગા” અભિયાન હેઠળ ત્રિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે અમદાવાદમાં તિરંગા પદયાત્રા યોજાઈ. “હરઘર તિરંગા, હરઘર સ્વચ્છતા”ની વિષયવસ્તુ સાથે યોજાયેલી યાત્રામાં શ્રી પટેલે લોકોને સ્વદેશી અપનાવીને આર્થિક આઝાદી થકી ત્રિરંગાનું સન્માન વધારવા અપીલ કરી.

પંચમહાલના ગોધરામાં યોજાયેલી ત્રિ રંગા યાત્રામાં પોલીસ, રમતવીરો, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા. યાત્રા પહેલા રાજ્યસભા સાંસદ ડૉ.જસવંતસિંહ પરમારે સૌને શુભકામના પાઠવતા સ્વચ્છતા રાખવા અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા અપીલ કરી.

ભાવનગરમાં ગારીયાધાર અને મહુવાની ત્રિ રંગા યાત્રામાં દેશભક્તિ ગીતો અને વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃતિઓ યોજા ઈ. દીવમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત જિલ્લા સ્તરની પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ. કચ્છના માંડવીમાં 40થી વધુ હોડી સાથે માછીમારોએ દરિયાઈ વિસ્તારમાં ત્રિરંગા યાત્રા યોજી.

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ પોતાના દિલ્હી ખાતેના નિવાસસ્થાને ત્રિરંગો લહેરાવી આ અભિયાનમાં જોડાયાં . તો હર ઘર તિરંગા" અભિયાન હેઠળ પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન ,ભાવનગર મંડળ દ્વારા કિડ્સ હટ અને બા ળ મંદિરના બાળકો વચ્ચે ડ્રોઇંગ સ્પર્ધા યોજાઈ.

---

# INDEPENDENCE DAY

નવી દિલ્હીમાં લાલ કિલ્લા ખાતે 79 -મા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં દેશભરમાંથી 210 પંચાયત નેતાઓ વિશેષ મહેમાન તરીકે હાજરી આપશે. વિશેષ અતિથિઓમાં ગુજરાતનાં એક મહિલા સહિત ત્રણ સરપંચનો સમાવેશ થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ અને દાદરા નગરહવેલીના દીવ જિલ્લાના વનકબરા ગામના ગ્રામસેવક છગન પ્રતિક પણ આમંત્રિતોમાં સામેલ છે.

(સાંભળીએ એક અહેવાલ)

*(રાજ્યમાંથી આમંત્રણ મળેલા ત્રણેય સરપંચોએ પોતાના ગામમાં સ્વચ્છતા અને વિવિધ વિકાસલક્ષી કાર્યોને સાકાર કરી તેમને આદર્શ ગામ બનાવ્યા છે. નવસારી જિલ્લાનાં જલાલપુર તાલુકાનાં સુલતાનપુર ગામનાં સરપંચ શશિકાંત પટેલે કહે છે કે સુલતાનપુર ગુજરાતનું પહેલું ગામ છે , જ્યાં દિવ્યાંગો માટે શૌચાલય પર બ્રેલ લિપિ સાથેનું સાઇન બોર્ડ લગાવવામાં આવ્યું છે.*

બાઇટ- શશિકાંત બી. પટેલ, સરપંચ સુલ્તાનપુર

*આ મહેમાનોમાંથી એક સરહદી કચ્છ જીલ્લાના અંજાર તાલુકાનાં ભીમાસર ગામના સરપંચ ડાઈબેન હુંબલ છે જે કહે છે કે, તેમના ગામમાં દરેક ઘરમાં શૌચાલય , કચરાના નિકાલ માટે અલાયદી વ્યવસ્થા છે. સાથે જ, ગ્રીન ભીમાસર પ્રોજેક્ટ જેવી પહેલ દ્વારા ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવામાં આવે છે.*

બાઇટ- ભીમાસર ગામ સરપંચ ડાઈબેન હુંબલ

*સ્વતંત્રતા દિવસે પંચાયતના નેતાઓની હાજરી જનભાગીદારીનું પ્રતીક છે*

સમાચાર વિભાગથી હું યશવી મહેતા

---

# TAPI KE TARE DINDOR

શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે ગઈકાલે શ્રીહરિકોટા સ્થિત ઇસરોના સતીષ ધવન અવકાશ કેન્દ્રના પ્રવાસથી પરત આવેલા તાપીના વિદ્યાર્થીઓ સાથે

મુલાકાત કરી. તાપી કે તારે પ્રૉજેક્ટ હેઠળ પ્રવાસે ગયેલા આદિવાસી સમુદાયના 28 બાળકો સાથે સંવાદ કરી શ્રી ડિંડોરે તેમના અનુભવ જાણ્યા.

શ્રી ડિંડોરે આ પહેલને પ્રેરણાદાયી ગણાવતા કહ્યું , રાજ્યના અન્ય આદિજાતિ જિલ્લાઓમાં શૈક્ષણિક પ્રેરણા પ્રવાસના નવતર પ્રયોગનું અમલીકરણ કરાશે.

**(BYTE: DR. KUBER DINDOR, EDUCATION MINISTER)**

---

## DWARKA JAMNASHTAMI TAIYARI

દેવભૂમિદ્વારકા સહિત રાજ્યભરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે દ્વારકામાં તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે છપ્પન સિડી સ્વર્ગદ્વારથી પ્રવેશ અને મોક્ષદ્વારથી નિકાસની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ જગતમંદિરના પટાંગણમાં પણ વિશાળ મંડપ બનાવાયો છે. સમગ્ર મંદિરને કલાત્મક રોશનીથી શણગારવાનું કામ પણ ચાલી રહ્યું હોવાનું દ્વારકાધીશ જગત મંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણે જણાવ્યું.

**(BYTE: HIMANSHU CHAUHAN, VAHIVATDAR, DWARKA MANDIR)**

---

## WEATHER FORECAST

હવામાન વિભાગે આજથી રાજ્યમાં વરસાદનું જોર વધવાની આગાહી કરી છે. દરમિયાન અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં

**છૂટાછવાયા સ્થળ પર  આજે ભારે વરસાદની સંભાવના છે. જ્યારે માછીમારોને 17  તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.**

---